લગ્નવર્ધિ માટે એસટી બસની ભારે બોલબાલા

લગ્નવર્ધિ માટેની એસ ટી ની યોજના જાનૈયાઓ અને એસ ટી તંત્રને ફળી : ગાંધીનગર જિલ્લામાં લગ્નસરાની સિઝનમાં મહત્તમ એસ ટી બસનો ઉપયોગ થયો : ટુંકા ગાળામાં તગડો નફો રળ્યો

ગાંધીનગર તા ૨૦

ગાંધીનગરમાં ગત સપ્તાહ દરમિયાન નિખરેલી લગ્નગાળાની મોસમ દરમિયાન જાનૈયાઓએ મહત્તમ એસ ટી બસ સેવાનો લાભ લીધો હતો. ટુંકા અંતરની લગ્ન વર્ધિ માટે મોટાભાગે એસ ટી નો ઉપયોગ થયો હતો. જેના લીધે લગ્નવર્ધિના વાહન માટે લગ્નના આયોજકોએ તગડી રકમ ખર્ચવી ન પડ હતી. જયારે એસ ટી તંત્રએ પણ નોંધપાત્ર આવક કરી હતી.

ગાંધીનગરમાં ગત દિવસોમાં લગ્નસરાની મોસમ નિખરી હતી. જયારે લગ્નસરાની મોસમ દરમિયાન એસ ટી તંત્રએ અમલમાં મુકેલી યોજના જાનૈયાઓ માટે આર્શીવાદરૂપ નિવડી હોવાનુ ધ્યાને આવ્યુ છે. ઓછા ભાડાના દરે લગ્નવર્ધિમાં બસો દોડાવાની એસ ટી ની યોજનાનો મહત્તમ લાભ લેવાતા એસ ટી તંત્રને પણ આવક થઇ છે. માત્ર ગાંધીનગર જિલ્લામાં જ પાંચ દિવસના લગ્નના દિવસો દરમિયાન એસ ટી તંત્રએ એક લાખની આવક રળી છે. સલામત સવારી એસ ટી અમારીની અનેક યોજનાઓ આમ નાગરિકો માટે લાભદાયી પુરવાર થઇ છે. અગાઉ ૧૫ દિવસના પાસમાં એક મહીનાની મુસાફરી યોજનાના લાભાર્થીઓની સંખ્યા પણ વધી હોવાનુ ધ્યાને આવ્યુ હતુ .જયારે એસ ટી તંત્રએ ગત વર્ષની સાપેક્ષમાં તગડો નફો રળ્યો હોવાનુ પણ સ્પષ્ટ થયુ છે. સસ્તી સવારી એસ ટી અમારીના અભિગમ સાથે આ મુસાફર પાસ યોજનાનો મહત્તમ લાભ મેળવતા મુસાફરોમાં પણ હર્ષની લાગણી છે.જયારે લગ્નવર્ધિમાં પણ ખાનગી વાહનોની બોલાબાલા હતી પરંતુ એસ ટી તંત્રની યોજનાના લીધે હવે નાગરિકો ટુંકા ગાળાના અંતરમાં ખાસ કરીને એસ ટી સેવાનો જ લાભ લેવાનુ પસંદ કરે છે. જેમાં એસ ટી નિગમે ૨૦ થી ૩૦ કિ મી ના અંતર માટે લગ્નવર્ધિ માટે સસ્તા ભાડાના દર નિયત કર્યા છે. જેના લીધે લગ્નવર્ધિ માટે જાનૈયાઓએ તગડુ ભાડુ ચુકવવુ પડતુ નથી. ગત સપ્તાહ દરમિયાન નગરમાં નિખરેલી લગ્નસરાની મોસમ દરમિયાન પણ એસ ટી એ તગડી આવક કરી હોવાનુ ધ્યાને આવ્યુ છે પાંચ દિવસના ટુંકા લગ્નગાળામાં જ સલામત સવારીએ જિલ્લામાં ટુંકા અંતરની લગ્નવર્ધિના માધ્યમથી રૂ ૧ લાખનો નફો મેળવ્યો છે.

શહેરના માર્ગોની રોનક નિખારવા માટે બ્યુટિફીકેશનની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. શહેરના માર્ગોની રોનક નિખારવા માટે માર્ગ સુધારણા ઉપરાંત કેટ આઇ તેમજ થર્મોપ્લાસ્ટના પટ્ટા સહીત ફુટપાથને પણ કલરકામ કરવામાં આવી રહ્ય છે. આ ઉપરાંત વનતંત્ર પણ કામે લાગ્યુ છે. વનતંત્ર દ્વારા માર્ગ આસપાસની વન આરક્ષિત જગ્યામાં સફાઇ કામગીરી હાથ ધરાઇ છે.

વડાપ્રધાનની સુરક્ષા માટે ૧૭૦૦ પોલીસનો લોખંડી પહેરો

અડાલજ ત્રિમંદિર ખાતે યોજાનાર મહિલા સંમેલનમાં શનિવારે વડાપ્રધાનની વિશેષ ઉપસ્થિત રહેશે : વિરોધ પ્રદર્શનકારીઓ સંમેલન સ્થળે પહોંચી ન જાય તેની ખાસ તકેદારી રાખવા ૧૨ એન્ટી મોરચા સ્કવોર્ડ બનાવાઈ : બંદોબસ્તનું એડવાન્સ સિક્યુરિટી લાયઝનીંગ કરાયુ

ગાંધીનગર, તા. ૨૦

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલથી બે દિવસ માટે ગુજરાતના મહેમાન બનશે. આવતીકાલે કેવડિયા કોલોની ખાતે ડીજી કોન્ફરન્સમાં નરેન્દ્ર મોદીની હાજરી રહેશે. જ્યારે શનિવારે હેલિકોપ્ટરમાં કેવડિયા કોલોનીથી અડાલજ ત્રિમંદિર ખાતે આવશે. અડાલજ ત્રિમંદિર ખાતે યોજાનાર મહિલા સંમેલનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વિશેષ ઉપસ્થિતિ રહેશે. જે અનુસંધાને ગાંધીનગર પોલીસ દ્વારા તેમની સુરક્ષા અને સલામતીના દ્રષ્ટિકોણથી ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવાની સ્કીમ તૈયાર કરી દીધી છે અને આજે આ બંદોબસ્તનુ એડવાન્સ સિક્યુરિટી લાયઝનીંગ પણ કરવામાં આવ્યું હતું. વડાપ્રધાનની સુરક્ષા માટે ૧૭૦૦ પોલીસનો લોખંડી પહેરો બંદોબસ્તમાં ગોઠવવામાં આવશે. નોંધનીય બાબત એ છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી મહિલા સંમેલનમાં પહોંચે ત્યારે કોઈ વિરોધ પ્રદર્શનકારીઓનું ટોળુ મોરચો લઈને આ સ્થળે આવી ન પહોંચે તેની ખાસ તકેદારી રાખવા માટે ૧૨ એન્ટી મોરચા સ્કવોર્ડ બનાવવામાં આવી છે જે સંમેલનના સ્થળ પર અલગ અલગ એન્ટ્રી પોઈન્ટ ઉપર અને સ્ટેજ પાસે તૈનાત રહેશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી શનિવારે અડાલજ ત્રિમંદિર ખાતે મહિલા સંમેલનમાં હાજરી આપશે. કેવડિયા કોલોનીથી હેલીકોપ્ટર મારફતે અડાલજ પાસે ખાસ કિસ્સામાં તૈયાર કરવામાં આવેલા હેલીપેડ ખાતે વડાપ્રધાન ઉતરશે અને મહિલા સંમેલનમાં હાજરી આપ્યા બાદ પરત એરપોર્ટ તરફ બાય રોડ જશે. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે હેતુસર

● અનુસંધાન પાન-૭ પર

નૂતન વર્ષના પ્રથમ દિવસે જ મનપાની સામાન્ય સભા મળશે

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર મહાનગર પાલિકાની એક મહત્વની સામાન્ય સભા નવા વર્ષના પ્રથમ દિવસે મનપાના સભાખંડમાં બપોરે ૧૨ વાગે મેયરશ્રીના અધ્યક્ષસ્થાને મળશે.

મેયર સામે હાલ કાનૂની વિવાદો વચ્ચે પ્રવિણ પટેલે આ સામાન્ય સભા બોલાવી છે. આજે આ કાનૂની વિવાદ અંગેની મુદત પણ વડી અદાલતમાં છે.

આ સામાન્ય સભામાં કાઉન્સીલરોના પગાર ભથ્થા તેમજ તે અંગેના નિયમો મંજૂર કરવા અંગેનો મુદ્દો તેમજ વિવિધ સેકટરોના રંગમંચો અંગેના ભાડાનો મુદ્દો એજન્ડામાં દર્શાવવામાં આવ્યો છે.

રંગમંચના ભાડા વધારા અંગે સામાન્ય સભાએ સ્થાયી સમિતિને તે પુનઃ વિચારણા માટે મોકલવાનો નિર્ણય કર્યો હતો જે બેઠકમાં ભાજપના સભ્યો ગેરહાજર રહ્યા હતા. આ પછી સ્થાયી સમિતિમાં સુધારા વધારા સાથે આ દરો નિયત કરાયા હતા અને હવે તે સામાન્ય સભાની મંજૂરી માટે રજુ કરવામાં આવશે.

આ દરો સુધારા - વધારા સાથે ઓક્ટોબર માસમાં મંજુર કરાયા પછી ત્રણ મહિના બાદ સામાન્ય સભામાં આવી રહ્યા હોવાથી કોંગ્રેસ કયુ સ્ટેન્ડ લેશે તેના પર નગરજનોની મીટ મંડાયેલી છે.

સભ્યોના વેતન ભથ્થા અંગે સરકારે કરેલા સુધારા પછી મનપાની સામાન્ય સભામાં પણ તે સુધારા મંજૂર કરવા જરુરી હોવાથી તે આ બેઠકમાં રજુ થનાર છે.

આ બેઠકનો એજન્ડા આજે જારી થયો છે તેથી વધુ એક વખત પાટનગરના રાજકીય રસિકોમાં ઉત્તેજનાનું મોજુ સવાર થઈ ગયું છે. ૨૧મીએ વડી અદાલતમાં મનપાના કાનૂની વિવાદની મુદત પણ છે તેથી પણ આ રસિકોમાં ઉત્તેજના વધવા પામી છે.

કોંગ્રેસ પક્ષના સુત્રોમાંથી મળતી માહિતી પ્રમાણે આ બેઠકમાં આખરી રણનિતી સભ્યોની સાથે પરામર્શ કર્યા પછી તૈયાર કરવામાં આવશે. બીજી તરફ ભાજપ પણ આ વખતની સામાન્ય સભામાં થાપ ન ખાઈ જવાય તે માટે ચોક્કર રણનિતી સાથે આગળ વધશે. આમ આ સામાન્ય સભા ગાંધીનગરના રાજકીય સમીકરણોમાં બદલાવ લાવશે કે કેમ તેને લઈ રાજકીય વર્તુળોમાં ચર્ચાઓ ચાલી રહી છે.

દરમિયાન રાજ્યની વડી અદાલતમાં આજે બપોર પછી મનપાના કાનુની વિવાદ પર સુનાવણી આગળ વધશે તેના પર પણ સૌ મીટ મંડાયેલી છે.

અડાલજ ખાસ બેઝ હોસ્પિટલ ઉભી કરાશે

ગાંધીનગર, તા. ૨૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૨મીએ રાષ્ટ્રીય મહિલા અધિવેશનમાં હાજરી આપવા આવવાના હોવાથી ત્રિમંદિર નજીક હેલીપેડ બનાવવા ઉપરાંત અડાલજ ખાતે બેઝ હોસ્પિટલ ઉભી કરવાની તડામાર તૈયારીઓ તંત્ર દ્વારા ચાલી રહી છે.

મળતી વિગતો મુજબ ગાંધીનગર સચિવાલયનું હેલિપેડ સ્ટેન્ડ બાય તરીકે રાખવામાં આવ્યુ છે જ્યારે ત્રિમંદિર નજીક એક સાથે ત્રણ હેલિકોપ્ટર પાર્ક થઈ શકે તેવુ વિશાળ હેલિપેડ તૈયાર કરવામાં આવી રહ્યુ છે.

તંત્રએ આ માટે તૈયારીઓના ભાગરૂપે અડાલજ ખાતે બેઝ હોસ્પિટલ પણ ઉભી કરવાનો નિર્ણય કર્યો છે. આ ઉપરાંત ગાંધીનગર સિવિલ હોસ્પિટલ અને એપોલો હોસ્પિટલ ખાતે પણ તબીબોની ટીમ ખડે પગે રહેશે.

અડાલજ ખાતે બેઝ હોસ્પિટલની સુવિધા તૈયાર કરવાની કામગીરી જીએમઈઆરએસ દ્વારા ચાલી રહી છે.

અડાલજ ઉપરાંત ગાંધીનગર સિવિલ હોસ્પિટલ તેમજ એપોલો હોસ્પિટલ ખાતે પણ નિષ્ણાત તબીબોની પેનલ હાજર રાખવામાં આવશે.

અડાલજ ત્રિમંદિર ખાતે યોજાનાર મહિલા અધિવેશનના સ્થળે પણ પાંચ-પાંચ મહિલા તબીબી અધિકારીઓની ટીમો પણ ફરજ બજાવશે આ અંગેના હુકમો જારી કરી દેવામાં આવ્યા છે.

બીજી તરફ પોલીસ તંત્ર દ્વારા પણ સલામતી અંગે સુરક્ષા કવચ ઉભી કરી દેવામાં આવ્યુ છે. વડાપ્રધાનના આગમનને પગલે તંત્ર દ્વારા અધિવેશનના સ્થળેથી પાંચથી વધુ એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની નિયુક્તીના હુકમો કરાયા ઉપરાંત ૧૦થી વધુ નાયબ મામલતદારોને પણ એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની સત્તા સાથે ફરજ પર તૈનાત કરી દેવામાં આવ્યા છે.

પતંગની દોરીમાં ફસાયેલા પંખીને બચાવવા માટે મિત્રો દોડી ફાયરબ્રિગેડ પહોંચ્યા

ગાંધીનગર, તા. ૨૦

હજુ ઉત્તરાયણના પર્વની વાર છે પરંતુ પતંગરસિયાઓએ પતંગ ઉડાડવાનું ચાલુ કરી દીધુ છે. આમાંય આજે એક કપાઈને ઝાડ પર ફસાઈ ગયેલ પતંગની દોરીમાં એક કબુતર ફસાઈ જતાં તેને બચાવી લેવા માટે પંખીપ્રેમીઓની વાત તંત્રએ ના સાંભળતાં આખરે ફાયરબ્રિગેડને તે પંખી બચાવવા માટે રજુઆત કરવા દોડી ગયા હતા અને પંખીને બચાવી લેવાયુ હતુ.

સચિવાલય બસ સ્ટેન્ડ નજીકના ચા બજારમાં આજે બપોરે સાડા ત્રણના સુમારે પંચાયતના ચાર કર્મયોગીઓ ટી-બ્રેક માટે ગયા હતા. તેમની નજર બસ સ્ટેન્ડ નજીકના સૌચાલય પાસેના વૃક્ષ પર ફસાયેલા પતંગની દોરીમાં લટકી પડેલા કબુતર પર પડી હતી.

આથી આ ચારેય મિત્રોએ પહેલા "કરૂણા" અભિયાનના નંબર પર ફોન પર ફોન કર્યો તો જવાબ મળ્યો કે અમારૂ કામ ઘાયલ પંખીને બચાવવાનું છે પરંતુ ફસાયેલા પંખીને મુક્ત કરાવવાનું નથી.

આ મિત્રો પછી તુરત જ દોડીને પંખી બચાવવા ફાયરબ્રિગેડની કચેરીએ પહોંચ્યા હતા. રજુઆતને અંતે ફાયરની ટીમ ત્યાં પહોંચી હતી પરંતુ આ દરમ્યાન કોઈક બે તરવરિયા યુવાનો ઝાડ પર ચડી ગયા હતા અને પંખીના પગમાં જે દોરી ફસાઈ ગઈ હતી તે દૂર કરી અને તેને ઉડવા દીધુ હતુ.

પતંગરસિયાઓની મોજમાં અટવાયેલા આ નિર્દોષ પંખીને છોડાવવા માટે ચાલીસી વટાવી ચુકેલા પંચાયતના કર્મયોગીએ આજે જે કામ કર્યુ તેને પંચાયતના અન્ય કર્મયોગીઓએ પણ બિરદાવ્યુ હતુ.

ટી. બ્રેકમાં ગયેલા આ ચાર કર્મયોગીઓમાં પ્રકાશ મેવાડા, વી.ટી. સોની, હિરેન પટેલ અને કીરિટસિંહ રાઓલે "કરૂણા" અભિયાનના જવાબને લઈ નારાજગી વ્યક્ત કરી હતી. જોકે જે રીતે પંખી બચી ગયુ તેનો સંતોષ આ મિત્રોને હતો. "જીવદયા એ જ સાચી કરૂણા" ઈટ્સ હેપન ઓન્લી ઈન ઈન્ડિયા."

ઠંડીમાં આંશિક રાહત : પારો હજુ પણ સિંગલ ડિઝીટમાં

લઘુત્તમ તાપમાન ૯.૬ ડિગ્રી : સિઝનની રેકર્ડબ્રેક ઠંડીના અંતે ઠંડીનુ પ્રમાણ ઘટયુ પરંતુ હજુ કોલ્ડવેવ યથાવત

ગાંધીનગર તા ૨૦

ગાંધીનગરમાં સિઝનની રેકર્ડબ્રેક ઠંડી અનુભવ્યા બાદ આજે ઠંડીનો પારો ૨.૪ ડિગ્રી નીચે જતા નગરજનોએ કોલ્ડવેવમાં રાહત અનુભવી

હતી જો કે હજુ લઘુત્તમ તાપમાન સિંગલ ડિઝીટમાં જ હોવાથી આકરી ઠંડીનુ મોજુ યથાવત છે. ગઈકાલે સિઝનની રેકર્ડબ્રેક ઠંડી સાથે પારો ૭.૨ ડિગ્રી પહોંચી ગયો હતો. જયારે આજે લઘુત્તમ તાપમાન ૯.૬ ડિગ્રી રહયુ હતુ. જેના લીધે નગરજનોએ ઠંડીમાં પ્રમાણમાં રાહત અનુભવી હતી. જો કે આગામી દિવસોમાં ઠંડી વધુ આક્રમક બને તેવી શક્યતા પણ હવામાન વિભાગે વ્યકત કરી છે.

ગાંધીનગરમાં હરિયાળા વૃક્ષોની વનરાજી વચ્ચે ઠંડીની મોસમ નિખરતા નગરજનો ઘરમાંથી કામ સિવાય બહાર નિકળતા નથી. જયારે રાત્રિના સમયે કાતિલ ઠંડીના લીધે નગરના માર્ગો પર સન્નાટો છવાઇ જાય છે. ગઇકાલે શહેરમાં અત્યાર સુધી સિઝનની રેકર્ડ બ્રેક ઠંડી નોંધાતા નગરજનો ઠંડીની અસરથી સુન્ન થઇ ગયા હતા. જયારે રાત્રિના શહેરના માર્ગો પર સુનકાર જોવા મળ્યો હતો. સાંજ ઢળતા જ ઠંડી આક્રમક બનતા નગરજનો કામ સિવાય ઘરની બહાર નિકળતા નથી. જયારે સેકટરોની સોસાયટીમાં પણ એકલતા છવાઇ જાય

● અનુસંધાન પાન-૭ પર

રાજયમાં ૩૩૪ બીટગાર્ડની ભરતી થશે ગાંધીનગરમાં પણ ૪ જગ્યા ભરાશે

ગાંધીનગર તા ૨૦

વન વિભાગ દ્વારા ટુંકમાં જ બીટગાર્ડની ભરતી પ્રકીયા હાથ ધરાશે. સમગ્ર રાજયમાં ૩૩૪ જેટલા બીટ ગાર્ડની જગ્યા ભરવા માટે આ ભરતી પ્રકીયા હાથ ધરાશે જયારે ગાંધીનગર ડિવિઝનમાં પણ બીટ ગાર્ડની ૪ જગ્યા ખાલી છે. જેના અંતે આ જગ્યા પણ ભરાશે.

વન વિભાગમાં કામ કરતા બીટ ગાર્ડની કામગીરી વન્ય મિલ્કતની સુરક્ષાને અનુલક્ષીને અત્યંત મહત્વની ગણાય છે. જયારે બીટ ગાર્ડની જગ્યાઓ લાંબા સમયથી ખાલી હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. જેને ધ્યાને લઇ વન વિભાગમાં બીટ ગાર્ડની ખુટતી જગ્યાઓ ભરવા માટે પ્રકીયા હાથ ધરાશે. સમગ્ર રાજયમાં બીટ ગાર્ડની ૩૩૪ જગ્યાઓ પર નિમણુંક આપવા માટે આ ભરતી પ્રકીયા હાથ ધરવામાં આવશે. જેમાં ગાંધીનગર ડિવીઝનમાં પણ બીટગાર્ડની અંદાજિત ૭૦ જેટલી જગ્યાઓ ભરેલી છે. જયારે ૪ જગ્યાઓ ખાલી છે. પરંતુ લાંબા સમયથી ખાલી આ જગ્યા રાજય કક્ષાએથી થનારી ભરતીના અંતે ભરાઇ જશે. વન વિભાગમાં બીટ ગાર્ડનુ કામ મહત્વનુ હોય છે. વન્ય મિલ્કતની સુરક્ષા ખેડાણ સહીતના કિસ્સામાં ફોરેસ્ટર સાથે રહી કેસ કે કોર્ટ કેસ દાખલ કરવાની પ્રકીયા પણ બીટ ગાર્ડે નિભાવાની હોય છે. જયારે વાઇલ્ડ લાઇફને સંબંધિત ગુન્હાઓ સંદર્ભે થતી કાર્યવાહીમાં પણ બીટ ગાર્ડ વનતંત્રના અધિકારીઓ સાથે રહી મદદરૂપ કામગીરી કરે છે. આવા સંજોગોમાં બીટ ગાર્ડની મહત્વની જગ્યાઓને ભરવા માટે વન વિભાગ દ્વારા ટુંકમાં જ ભરતી પ્રકીયા હાથ ધરાશે. જેના અંતે ગાંધીનગર ડિવિઝનમાં ખાલી જગ્યાઓ પણ ભરાઇ જતા વનતંત્રની કામગીરી વધુ અસરકારક બનશે. હરિયાળીને નિખારવા માટે તેમજ તેને નુકશાન ન થાય તે માટેની કામગીરી પણ અસરકારક બનશે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com